અપીલ અરજી નં.૨૪૪ તા.૯–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૦૪–૧૦–૧૦ ની અરજી થી સુ.મ.પા.ના વોર્ડ –૪એ ના મુખ્ય આરોગ્ય નિરિક્ષકને તા.૯–૭–૧૦ ના રોજ ઘ.નં.૪/૨૯૪ વાળી મિલકતની અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે ૪/૨૯૪ વાળી મિલકતના માલીક **BPMC** એકટની કલમોનો ભંગ કરતા હોય આ અરજીના અનુસંધાનમાં વોર્ડ –૪એ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક તેમજ આરોગ્ય કર્મચારીએ ૪/૨૯૪ વાળી મિલકતમાં શું શું તપાસ કરી અને શું રીપોટ બનાવ્યો તેની સહી સીકકાવાળી નકલ ફાળવવી તેમજ સુ.મ.પા.ના કમિશનરશ્રીએ તા.૧૨–૫–૦૭ ના રોજ દૈનિક પેપર સંદેશમાં નઃપી.આર.ઓ.૭૬/૨૦૦૭–૦૮ થી જાહેર નોટીસ આપવામાં આવેલ તે મુજબ ઘ.નં.૪/૨૯૪ વાળી મિલકતના માલીક **BPMC** એકટ કલમોનો ભંગ કરતા હોય તે બાબતે કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા.ના કમિશનરની આવે છે તો ૪/૨૯૪ વાળી મિલકતના માલીક પર કાર્યવાહી કરવામાં આવેલ છે કેમ અને કાર્યવાહી ન કરવામાં આવી તો કયા કારણસર માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૪/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની આઈ ડી નં.૭૨૩ તા.૦૪–૧૦–૧૦ ની ઉકત નિર્દિષ્ટ વિષય બાબત હેઠળ નીઅરજી થી માંગેલ માહિતી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૫ તા.૧૮–૧૧–૧૦ થીઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના ખાતાને મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે મુળ અરજીની નકલ, તબદીલ પત્રો તથા સેન્ટ્રલઝોન ખાતેથી અપીલ તબદીલ સમયે જાહેર માહિતી અધિકારીએ તા.૪–૧૧–૧૦ ના રોજ આપેલ પ્રત્યુત્તરની નકલ મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૭૨૩ તા.૪–૧૦–૧૦ ની ઉકત નિર્દિષ્ટ વિષય બાબત હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૪૪ તા.૫–૧૦–૧૦ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. તેઓ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૧૨૨ તા.૧૧–૧૦–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આરટીઆઈ/આ.નં.૧૫૧૬ તા.૨૬–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. તબદીલીની આ વિગતો અને જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રુત્તર જોતાં તબદીલી નિવારી શકાય તેવી જણાય છે. જેના અનુસંધાને એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/અ.નં.૧૧૧૨ તા.૪–૧૧–૧૦ થી " તા.૯–૭–૧૦ ની અરજી અંગે સર્વે નં.૪/૨૯૪ વાળી મિલ્કતમાં અવાજ તેમજ તીવ્રતા બાબતે અભિપ્રાય આપવા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને સે.ઝોન/આરોગ્ય/સેની./ આ.નં.૧૦૯૬ તા.૨–૧૧–૧૦ થી પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. તેમજ અભિપ્રાય મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. " તેવી માહિતી આપેલ છે. જે અંગે અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૯–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ અપીલ તબકકે તા.૨૩–૧૧–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી જે માહિતી આપેલ છે તે તદ્દન ખોટી અને ગેર દોરનારની માહિતી આપેલ છે. તેવું જણાવી નારાજ થઈ તા.૨૩–૧૧–૧૦ ના રોજ પુનઃ અપીલ કરેલ છે. જેમાં અરજદારે તા.૯–૭–૧૦ ના રોજ કરેલ અરજીના અનુસંધાનમાં અપીલના મુદ્દા નં.૨ શું તપાસ કરવામાં આવી તેની નકલ ફાળવવામાં આવેલ નથી. અને શું કાર્યવાહી કરવામાં આવી તેની કોઈ જાણકારી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. અપીલના મુદ્દા નં.૩ માં બીપીએમસી એકટની કલમનો ભંગ થતો હોય તે અંગે શું કાર્યવાહી કરવામાં આવી. તે અંગે માહિતી અધિકારીએ પોલ્યુશન કંટ્રોલ બોર્ડનો અભિપ્રાય આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૪ અરજદારે આપેલ માહિતીમાં ગુજરાત પોલ્યુશન બોર્ડ સુરત વિભાગના અભિપ્રાય મુજબ પગલા લેવામાં આવશે જે ખોટી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે ગુજરાત પોલ્યુશન સુરત વિભાગના પ્રાદેશિક અધિકારીના ઓએ સુરત/ટીર૪૩/૫૭૨ તા.૧૮–૬–૧૦ ના પત્રમાં કાર્યવાહી કરવાની જવાબદારી સુરત મહાનગર પાલિકામાં આવે છે તેવો પત્ર રવાના કરેલ છે તેવું જણાવેલ છે. જે તા.૧૭–૨–૧૦ અરજીના સંદર્ભે ગુજરાત

પોલ્યુશન બોર્ડે પાઠવેલ પ્રત્યુત્તર છે. પરંતુ અરજદારની અરજી બાબતે ગુજરાત પોલ્યુશન બોર્ડને આરોગ્ય / સેની. /આ.નં. ૧૦૯૬ તા. ૨–૧૧–૧૦ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૫ માં મે જે માહિતી માંગેલ છે જે સુમપા પાસે માંગેલ નહીં કે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પાસે . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૧૨ તા.૪–૧૧–૧૦ થી સુમનપાએ જવાબ પાઠવેલ છે. અપીલના મુદ્દા નં.૬ સુમપાના કમિ.શ્રીએ નં.પીઆરઓ/૭૬/૦૭–૦૮ તા.૧૧–૫–૦૭ થી જે જાહેર નોટીસ આપેલ તે મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે નહીં કે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, સુરતની આવે શા માટે સ્થળ તપાસ અધિકારીએ કાર્યવાહી ન કરી. તેવી રજૂઆત કરેલ છે. અરજદાર આરટીઆઈ એકટ હેઠળની અરજી સાથે તેમની તા.૯–૭–૧૦ ની અરજીની નકલ રજૂ કરેલ છે જેમાં રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરવાનો તેનાથી અવાજ અને વાયુ પ્રદુષણ આરોગ્યને હાનિ વિગેરે રજૂઆત કરી બીપીએમસી એકટની કલમ હેઠળ પગલા લેવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જો બીપીએમસી એકટનો ભંગ થતો હોય અને જો તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોય અને જો કરેલ હોય તો તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ અપીલના મુદ્દા નં.૧ અને ૪ માં જણાવેલ વિગતે આરોગ્ય નિરીક્ષકે સ્થળ તપાસ કરી રીપોર્ટ તૈયાર કરેલ હોય તો તેની નકલ અને બીપીએમસી એકટનો ભંગ બાબતે જો કોઈ સ્થળ તપાસ પશ્ચાત કોઈ નિષ્કર્ષ પર આવેલ હોય અને કાર્યવાહી કરવા જોગ નિર્ણય હોય તો તે અંગે થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જો કોઈ તપાસ થયેલ ન હોય તો તે અંગે હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,